# દીવમાં સિનેમા

## મનોરંજન, મનોરંજન, મનોરંજન

કઠપૂતળી, મદારીના ખેલ, નાટક વગેરે જેવા કાર્યક્રમો દીવમાં ખૂબ પ્રચલિત હતા.

કઠપૂતળીનો ખેલ આવવાનો છે.... એવું સાંભળતા જ દીવની ગલીઓમાં રમતા નાના ભૂલકાંઓમાં અનેરો ઉત્સાહ આવી જતો. કઠપૂતળી, મદારીના ખેલ, નાટક, જેવા કાર્યક્રમો દીવની ગ્રામ્ય સંસ્કૃતિનું ખૂબ જૂનું અને મનોરંજનનું માધ્યમ રહી ચૂક્યું છે. કઠપૂતળીને પડદા પાછળથી દોરી વડે નચાવતો ખેલ જોવા માટે દીવની શેરીઓમાં ગામ આખું ઊમટતું હતું.

આપણે ત્યાં સિનેમાની શરૂઆત થઈ ત્યારે આધુનિક મનોરંજનનાં માધ્યમો કેટલાક સંજોગોમાં બિલકુલ નહોતાં અથવા હતાં તો ખૂબ જ ઓછાં હતાં. એ બધાનાં આર્થિક કારણો ઘણાં હોવાને લીધે જ સિનેમાને શરૂઆતથી જ મનોરંજના એક માધ્યમ તરીકે જોવામાં અને રજૂ કરવામાં આવ્યું. એટલે પહેલાંના જમાનામાં અને અત્યારે પણ ચલચિત્રોને મનોરંજન, મનોરંજન અને ફક્ત મનોરંજન તરીકે જ મુખ્યત્વે જોવામાં આવે છે. આમ મનોરંજનનાં માધ્યમો ઘણાં હોવા છતાં ચલચિત્રનું માધ્યમ સૌથી લોકપ્રિય, સબળ અને ગમતીલું ગણાય છે. ઘણાં ચલચિત્રોએ તો સામાજિક સુધારાના ખૂબ જ ઉમદા સંદેશાઓ પણ આપ્યા હોવાથી અમર બની ગયા છે. એકાદ સિનેમાગૃહમાં ત્રણ કલાક ચલચિત્રનો આનંદ માણવામાં જીવનની કે સંસારની તમામ વિટંબણા કે મૂંઝવણો ક્યાંય અદૃશ્ય થઈ જાય છે અને સારી રીતે જીવન જીવવાનો અને જીવનમાં સારા વર્તનનો બોધ આપી જાય છે.ચાર્લી ચેપ્લિનના જે ચલચિત્રો જોઈને આપણે ખડખડાટ હસીએ છીએ તે હકીકતમાં વેદનાથી ભરપૂર હોય છે. તેમને સમાજની સામે, સત્તાધીશોની સામે કંઈક કહેવું છે એટલે હાસ્યને તેમણે એક શસ્ત્ર તરીકે સિનેમામાં પ્રયોજ્યું. તેમના 'ધ ગોલ્ડ રશ', 'સિટીલાઇટ' અને 'ધ ગ્રેટ ડિક્ટેટર' જેવા ચલચિત્રો વિશ્વના શ્રેષ્ઠમાંના ચલચિત્રો છે.

દીવમાં ગણેશ ચતુર્થી, ગણતંત્ર દિવસ કે પ્રજાસત્તાક જેવા દિવસોમાં વિના શુલ્ક અને સરકારી સહકારથી સાર્વજનિક રીતે દર્શાવવામાં આવતાં ચલચિત્રો તો ભૂલાય જ નહિ. સરકારી સહકારથી સાર્વજનિક સિનેમાના આયોજકો પોતાનું 'પ્રોજેક્ટર' અને દર્શાવાના ચલચિત્રની પટ્ટી લઈ દીવ મુકામે આવતાં અને તે દિવસે એ ચલચિત્રની જાહેરાત દીવમાં દિવસે ઠેરઠેર અને ચોરે ચોરે મૂકાતી અને રાત્રે એ ચલચિત્રનું બંદર ચોક પર કસ્ટમ ઑફિસની દીવાલ પર સફેદ પડદો લટકાવી તેના પર પ્રદર્શન કરતા, જેમાં 'ઉજાલા' અને 'ગંગા જમુના' જેવા ચલચિત્રો ઉલ્લેખનીય છે. તદ્ઉપરાંત વર્ષો જૂની પ્રથા પ્રમાણે દીવના પોલીસથાણાના વિશાળ ચોકમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ધાર્મિક ચલચિત્ર 'મહાભારત'નો ઉલ્લેખ પણ અવિસ્મરણીય છે.

લુહારવાડે પાનીબાઈ શાળાની બાજુમાં એક વિશાળ વાડામાં ૪૦ના દાયકાના અંતમાં ચંદ્ર નામના ટોકિઝની શરૂઆત થઈ જ્યાં વિવિધ ચલચિત્રોનું પ્રદર્શન કરવામાં આવતું. આ વાડામાં કોઈ પાકી છત ન હોવાને

કારણે સંચાલકોએ તેમાં ઉપર ગૂણિયાં મૂકી બંધ કરેલ, જેના કારણે આ ટોકિઝનું નામ ગૂણિયાં ટોકિઝ તરીકે પણ પ્રસિદ્ધ થયું.

૧૯૫૪માં પોર્ટુગીઝ શાસનકાળ દરમિયાન ત્રણ વણિક મિત્રો શ્રી લીલાધર વલ્લભજી, શ્રી રમણીકલાલ વિઠ્ઠલદાસ અને શ્રી જમનાદાસ વનમાળીની ભાગીદારીથી દીવમાં પ્રવીણ ટોકિઝનું સ્થાપન થયું, જેના દ્વારા કુશાલપરા વિસ્તારમાં સ્થિત જૈન અપાસરોના ભવ્ય ખંડમાં વિજય ભટ્ટ નિર્દેશિત ચલચિત્ર 'રામ રાજ્ય'નું પ્રથમ વાર પ્રદર્શન કરવામાં આવ્યું. પ્રવીણ ટોકિઝ સંચાલિત ચલચિત્રોનું પડદા પર પ્રદર્શન કરવાની જવાબદારી શ્રીમાન નાગજી નારણ વાજાએ લીધેલી હતી.




જૈન અપાસરો. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.



જૈન અપાસરોનું પ્રવેશદ્વાર. છબી સૌજન્ય શ્રીમાન કૌશલ પારેખ.

ચલચિત્રોની પેટીઓ દીવમાં લાવવા માટે પોર્ટુગીઝ કાર્યલય તરફથી પ્રતિબંધ લાગતાં ઘણી તકલીફો ઊભી થતી, જેના કારણે અમુક સમય પછી પ્રવીણ ટોકિઝ દ્વારા ચલચિત્રોનું પ્રદર્શન બંધ કરવામાં આવ્યું.

ત્યારબાદ અપાસરોમાં વિવિધ વિષયો પર નાટકો ભજવવામાં આવતાં જેમ કે ૧૯૫૮-૧૯૫૯ની સાલમાં ‘સંપત્તિ માટે’ અને ‘શાલિવાહન’ જેવી કૃતિઓ આવી.



જૈન અપાસરોના ઓરડાના આંતરિક ભાગની તસવીર, જ્યાં ૫૦ અને ૭૦ના દાયકા વચ્ચે ચલચિત્રો અને નાટકોનું પ્રદર્શન કરવામાં આવતું હતું. જૈન અપાસરોનું પ્રવેશદ્વાર. છબી સૌજન્ય શ્રીમાન કૌશલ પારેખ.

૧૯૬૧માં પોર્ટુગીઝ સરકારની ગુલામીમાંથી દીવની આઝાદી પછી છેક ૧૯૬૯માં શ્રી રવિશંકર રાવળ દ્વારા દીવ ટોકીઝનું સ્થાપન શક્ય બન્યું, જેના તરફથી ચલચિત્રોનું પ્રદર્શન અપાસરોના ખંડમાં કરવામાં આવતું, જે આશરે ૧૯૭૧ સુધી ચાલ્યું.

ત્યારબાદ ૧૯૭૧માં શ્રી ઘનશ્યામ કલ્યાણચંદ દીવેચાએ અપાસરોમાં જગદીશ ટોકિઝનું સ્થાપન કર્યું, જે આશરે એકથી દોઢ વર્ષ ચાલ્યું.

૭૦ના દશકના અંતે તેમજ ૮૦ના દશકના પ્રારંભમાં ઠેરઠેર કાળા અને સફેદ દૃશ્યોના ટેલિવિઝનો આવવા લાગ્યાં. શ્રી તલકચંદ પાનાચંદ, શ્રી ડૉ. પુષ્પસેન જીવનદાસ, શ્રી મોહનલાલ કાનજી, શ્રી કેશવ ફૂગરો, શ્રી નગીન ગાંધી તેમજ બીજા અન્ય ઘરોમાં આ ટેલિવિઝનો આવ્યાં. પછી રંગીન દૃશ્યોના ટેલિવિઝનોનો આવિષ્કાર થયો અને ધીરે ધીરે આમ મનોરંજનનું માધ્યમ આધુનિક થતું ગયું અને કચકડાની પટ્ટીથી દર્શાવાતાં ચલચિત્રોના પ્રદર્શનનું માધ્યમ આગળ વધીને 'વિડીઓ'એ લીધું જેના થકી રંગીન દૃશ્યોના ટેલિવિઝન દ્વારા દીવમાં ઠેરઠેર 'વિડીઓ' સિનેમા ખંડોનું નિર્માણ થયું.

૧૯૮૬ની સાલમાં શ્રી વિષ્ણુદાસ દામોદર દ્વારા જયશ્રી ટોકિઝના નામ હેઠળ અપાસરોમાં 'વિડીઓ' પ્રદર્શન ચાલુ કરવામાં આવ્યું.

# આરાધના સિનેમા




આરાધના સિનેમાની ઇમારત. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.

શ્રી ધરમશી મોતીચંદના આશીર્વાદથી તેમના સુપુત્ર શ્રી હરિદાસ ધરમશીએ તેમના ભાઈ શ્રી મનસુખલાલ ધરમશી અને ભાઈ શ્રી ગણપતલાલ ધરમશીના સાથ, સહકાર અને માર્ગદર્શન હેઠળ આરાધના સિનેમાઘરનું નિર્માણ કર્યું, જેનું ઉદ્ઘાટન ઈ.સ. ૧૯૭૩ના ડિસેમ્બર માસની ૧૯મી તારીખે પહેલાં ચલચિત્ર ‘કહાની કિસ્મત કી’ના પ્રદર્શનથી કરવામાં આવ્યું.



આ તસવીરમાં શ્રીમાન હરિદાસ ધરમશી સાથે આરાધના સિનેમાના કર્મચારીઓ અને ગામના લોકો અરાધના સિનેમાના પ્રવેશદ્વાર પર નજરે પડે છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.

૨૦મી સદીના અંતમાં એક મનોરંજનના માધ્યમ તરીકે આરાધના સિનેમાએ દીવની પ્રજામાં અને તેના ઘણાં આર્થિક વર્ગમાં લોકપ્રિયતા મેળવી, જેને લઈને આજુબાજુના વિસ્તારના વિવિધ ક્ષેત્રના વ્યવસાયીઓને ઘણો લાભ પહોંચ્યો છે.

દીવના ઝાંપા વિસ્તારમાં પશ્ચિમ તરફ જતાં જમણી બાજુ પર આરાધના સિનેમા સ્થિત છે, જેમાં અંદર પ્રવેશતાં સામે ડાબી બાજુ 'ટિકિટ બારી' અને જમણી બાજુની ચાલીની દીવાલમાં કાચના બે કબાટ જોવા મળે છે. આ કબાટોમાં જે સમયે જે ચલચિત્ર સિનેમાગ્રહમાં પ્રદર્શિત કરવાનું હોય તે ચલચિત્રની ઝાંકી કરાવતી અમુક તસવીરો મૂકવામાં આવતી. ચાલીમાં વધુ અંદર જતાં સામે એક ખાનપાનની દુકાન હતી, જેમાં પાન-બીડી તેમજ વિવિધ ઠંડા પીણાં વેચાતાં. આ દુકાનના પાછળના ભાગમાં જમણી બાજુ સ્ત્રીઓ અને પુરુષો માટે અલગ અલગ બે શૌચાલયો બનાવવામાં આવેલાં છે. ચાલીની જમણી બાજુ સિનેમાગ્રહના માલિકોએ એક છાપખાનાની પણ વ્યવસ્થા કરી હતી જેમાં ઘણી જ જાહેરાતો, કંકોત્રીઓ તેમજ વિવિધ પ્રકારના છાપકામને લગતાં કાર્યો તેમજ પુસ્તકો નિર્માણ કરવાના તેમજ એને મરામત કરવાના કાર્યો પણ થતાં. દીવ ખાતે થનાર મોટા ભાગના નવયુગલોની લગ્નની કંકોત્રીઓ પણ આ આરાધના સિનેમામાં સ્થિત છાપખાનાએ જ છાપેલી છે. અહીંથી ડાબી બાજુના પગથિયાં દ્વારા ઉપર જતાં ચાલીમાં ડાબી બાજુ સિનેમાખંડનું મુખ્ય પ્રવેશદ્વાર આવેલ છે. આ ચાલીમાંથી વધુ એક માળ ઉપર જતાં સામે 'પ્રોજેક્ટર'નો ખંડ અને ડાબી બાજુની દીવાલ પર 'બેલ્કનિ'માં જવાનું પ્રવેશદ્વાર આવેલ છે. 'પ્રોજેક્ટર' કક્ષનું તેમજ સિનેમાખંડોનું નિયંત્રણ તેના માલિકો ઉપરાંત શ્રીમાન બાબુગીરી ગોવિંદગિરી ગોસ્વામી, શ્રીમાન અરવિંદ લાલજી પરમાર, શ્રીમાન જયપ્રકાશ ધીર્યસિંહ તેમજ શ્રીમાન યુસુફ અલી ખાન કરતા હતા.




આરાધના સિનેમાની ટિકિટ ઑફિસ. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.



આરાધના સિનેમાના પ્રવેશદ્વારમાંથી પ્રવેશ થતાં જમણી બાજુ ચાલીની સામે એક ખાનપાન,ઠંડા પીણાં અને બીડી-સિગરેટની દુકાન હતી તે આ તસવીરમાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.




આગામી ચલચિત્રોના પ્રદર્શનની જાહેરાત કરતી છબીઓ આ તસવીરમાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.





આ તસવીરમાં આરાધના સિનેમામાં ચલચિત્ર જોવા આવનાર ગ્રાહકો માટે વિવિધ પીણા અને શરબતોની દુકાન  જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.



આ તસવીરમાં ઉપર તરફ મુખ્ય સિનેમાગ્રહમાં જવા માટેની સીડી જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.




આ તસવીરમાં સીડીની ઉપર તરફ ચાલી અને મુખ્ય સિનેમાગ્રહમાં જવા માટે દરવાજા નજરે પડે છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.



વિતેલા સુવર્ણ વર્ષના ભવ્ય યંત્રો હજુ પણ કેટલાક ગુજરાતી ચલચિત્રોના પ્રદર્શનમાં વપરાય છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.

આરાધના સિનેમાગૃહમાં પડદાથી લઈને અર્ધા ખંડ સુધી 'સ્ટોલ'ની ખુરશીઓ છે જેના દર સાવ સસ્તા રાખવામાં આવેલ છે. અર્ધા ખંડથી લઈને પાછળની દીવાલ સુધીના ભાગમાં 'સ્ટોલ'થી જરા દૂર અને સહેજ ઊંચે 'અપર સ્ટોલ'ની ખુરશીઓ આવેલી છે જેના દર જરા વધુ કિંમતના રાખવામાં આવેલ છે અને 'બેલ્કનિ' જે 'અપર સ્ટોલ'ના વિસ્તારની ઉપર એક મોટા ઝરૂખાના રૂપમાં સ્થિત છે તેના દર અંતિમ કિંમતના રાખવામાં આવેલ છે.



આ તસવીરમાં મુખ્ય સિનેમાગ્રહ નજરે પડે છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.

આરાધના સિનેમાગ્રહમાં મુખ્યત્વે હિંદી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓના ચલચિત્રો પ્રદર્શિત કરવામાં આવે છે. દીવમાં સિનેમાઘર એક જ હોવાથી એક સાથે એક જ દિવસમાં ત્રણ કે ચાર પ્રદર્શન કરતાં પણ આખા દીવની જનતાને એક સાથે સમાવી શકતું નથી, જેને કારણે જયારે ખૂબ જ પ્રખ્યાત તેમજ ભાવુક ગુજરાતી ચલચિત્રો આવતાં ત્યારે ઘોઘલા, વણાંકબારા કે બુચરવાડા વિસ્તારના લોકો એક જન સૈલાબની જેમ એ ચલચિત્ર જોવા ઊમટી પડતાં અને એ માટે દીવની મુખ્ય પ્રજાને પણ ચલચિત્ર જોવાની તક મુશ્કેલીથી મળતી.




પ્રખ્યાત ચલચિત્ર 'શોલે'ના પ્રદર્શનના દિવસોની છબી. ૧૯૭૫ની સાલમાં બહાર પડેલું ચલચિત્ર 'શોલે' જ્યારે દીવમાં પ્રદર્શિત કરવામાં આવ્યું ત્યારની લીધેલી યાદગીરીની તસવીર અહીં જોવા મળે છે જે આપણને એ સમયના સંભારણાઓ તરફ દોરી જાય છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.

ઈ.સ. ૧૯૮૦ના દશકા દરમિયાન દીવમાં ઘણી જગ્યાએ 'વિડીઓ' આવિષ્કાર થયા જેના આધારે આરાધના સિનેમાએ પણ પોતાની ઇમારતની નીચે એક નાની 'વિડીઓ સિનેમા' ખંડની વ્યવસ્થા કરેલી જ્યાં તે સમયના તદ્દન નવા હિંદી તેમજ અંગ્રેજી ભાષાના ચલચિત્રો બતાવવામાં આવતા. અમુક વર્ષો બાદ દીવમાં ઠેકઠેકાણે જેમ કે શ્રી હાજી અબૂબકર હાજી અલીમહમદ કાસમાંણી અને શ્રી જનાર્ધન ધીરજલાલના નિવાસ સ્થાને તેમજ બીજા અન્ય ઠેકાણે 'વિડીઓ', આધુનિક 'ટેલિવિઝન' અને અલગ અલગ માધ્યમો વડે અસંખ્ય ચલચિત્રો અને વિવિધ સામાજિક ધારાવાહીના કાર્યક્રમો પ્રદર્શિત કરવાનું શરૂ થયું. ત્યાર પછી આરાધના સિનેમાઘરમાં 'વિડીઓ સિનેમા'નું પ્રદર્શન બંધ કરવામાં આવ્યું. તેમ છતાં પણ મુખ્ય સિનેમાઘર તેમજ

છાપખાનું આજે પણ પહેલાંની માફક જ ચાલુ છે. આજે જૂની પ્રદર્શન પદ્ધતિની જગ્યા આધુનિક 'ડિજિટલ' માધ્યમે લીધી છે.

આરાધના સિનેમાઘરનું નિર્માણ થયા બાદ ઘણાં વર્ષો સુધી ઝાંપા વિસ્તારમાં સિનેમાની બહાર ચોકમાં દાળિયા, વટાણા, સીંગફળી, ગોળી-બિસ્કિટ, વગેરે વેચનારાઓની રેંકડીઓ મોજૂદ રહેતી.




આ તસવીરમાં રાત્રિના એક ચલચિત્રના પ્રદર્શન દરમિયાન આરાધના સિનેમાની બહાર લોકોની મેદની જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.

સિનેમાગ્રહની નીચે જમણી બાજુ સ્થિત શ્રી છોટાલાલ વિઠ્ઠલદાસ યોગાનંદની ફરસાણની દુકાનમાંથી નીકળતી ફરસાણની સુગંધ, પાન તેમજ પીણાંની વિવિધ દુકાનો, દાળિયા, વટાણા, સીંગફળી શેકાતાં રેંકડીઓમાંથી આવતી તેની સુગંધ, શ્રી શશિકાંત સવચંદ વાજાની ચાની દુકાન તેમજ લોકોની આ વિસ્તારમાં થતી ચહલપહલ અને આવજા વગેરે આ આરાધના સિનેમાગ્રહ અને તેની આજુબાજુના વિસ્તારને ખૂબ જ આનંદમય તેમજ રળિયામણો બનાવતો, જેનો લાભ સિનેમાના મધ્યાન્તરે લોકો અચૂક માણતાં.




આ તસવીરમાં આરાધના સિનેમાની બહાર લોકોની થતી આવજા જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન વિવેક પ્રદીપકુમાર.

વર્ષોથી શ્રીમાન ગણપતલાલ ધરમશી, શ્રીમાન પ્રદીપકુમાર હરિદાસ, શ્રીમાન હિતેશ મનસુખલાલ અને તમામ શ્રી ધરમશી મોતીચંદના વંશજો આ સિનેમાગ્રહમાં સેવા આપી રહ્યા હતા. છેલ્લા કેટલાક દાયકાઓથી શ્રી પ્રદીપકુમાર હરિદાસે આરાધના સિનેમાના વ્યવસાયનું સંચાલન કર્યું હતું. સમયાંતરે શ્રી હરિદાસ ધરમશી, શ્રી ગણપતલાલ ધરમશી તેમજ શ્રી પ્રદીપકુમાર હરિદાસના અકાળે અવસાન થયાં અને આજે આ આરાધના સિનેમાઘરનો વહીવટ શ્રી પ્રદીપકુમાર હરિદાસના સુપુત્ર શ્રી નયન પ્રદીપકુમાર સંભાળી રહેલા છે.

**દીપક કનકસિંહ**

સંકલનકર્તા

શ્રીમાન ભાઈ પ્રદીપ વસંતલાલે આ ગુજરાતી ભાષાના લેખને સંપૂર્ણ કરવા માટે છેલ્લા કેટલાક સમય સુધી નિરંતર અને નિસ્વાર્થ ભાવે કામ કર્યું છે. આ લેખના સંકલનમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપવા બાદલ હું એમનો ખૂબ ખૂબ આભારી છું.

દીવ નિવાસી શ્રીમાન કૌશલ પારેખની આગેવાની તેમજ શ્રીમાન લલિતચંદ્ર પ્રભાશંકર જોશી સાથેના સંવાદો અને તેઓના અથાગ પ્રયાસો દ્વારા આપણા ‘દીવ સિનેમા’ના ઇતિહાસ વિષે રસપ્રદ માહિતી મેળવી શક્યા તે બદલ હું એ બન્ને મહાનુભાવોનો હૃદયના ઊંડાણથી આભાર વ્યક્ત કરું છું.

શ્રીમાન કૌશલ પારેખ, શ્રીમન વિજય કુમળદાસ, શ્રીમાન વિવેક પ્રદીપકુમાર અને શ્રીમાન નયન પ્રદીપકુમારનો વિવરણાત્મક છબીઓ મેળવી આપવા બદલ ખૂબ ખૂબ આભાર.

આ લેખમાં સમાવિષ્ટ માહિતી માટે જરૂરી સંપર્કો મેળવી આપવા બદલ હું શ્રીમાન જયંત જગતકાંતનો ખૂબ ખૂબ આભારી છું.

આ લેખના સંકલન કાર્ય દરમિયાન ઉત્સાહપૂર્ણ સહયોગ આપવા બદલ હું શ્રીમાન બાબુ દ્વારકાદાસ, શ્રીમાન હિતેશ મનસુખલાલ અને શ્રીમાન હસમુખરાય અમરચંદનો પણ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું.

આ લેખને પારદર્શક, સચોટ, સંક્ષિપ્ત અને વ્યાપક બનાવવા માટે કોઈ પણ પ્રયત્નો કરવામાં મેં ઢીલ નથી રાખી, તેમ છતાં કોઈ ભૂલ અથવા ખામીઓ વાચકને જણાય તો તે બદલ ક્ષમા ચાહું છું.

આ લેખનો ઉદ્દેશ્ય કોઈ પણ વ્યક્તિ વિશેષ, સંસ્થા કે વેપારીની વ્યક્તિગત પ્રશંસા કે ટીકા કરવાનો નથી પરંતુ વિવિધ માધ્યમો દ્વારા મળેલી માહિતીથી દીવના સિનેમાના ઇતિહાસની જાણકારીના પ્રયોજન માટે જ છે.